# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

જો આપની **અટકાયત** કરવામાં આવી હોય અને શકમંદ તરીકે પ્રશ્નો પૂછાવાના હોય.



## ઈન્ટરવ્યુ શરૂ થાય તે પહેલા ક્યા અધિકારો વિશે આપને જાણ કરવી અનિવાર્ય છે.

**1.** વકીલ સાથે ખાનગી સલાહમસલત, અને ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાયનો અધિકાર

A. વકીલ

— આપ આપની પસંદગીના વકીલનો સંપર્ક કરવાની માંગ કરી શકો છો.

— જો આપની પાસે આપના વકીલ ન હોય અથવા જો આ વકીલ હાજર ન રહી શકે તો આપ બાર એસોસિએશનના ફરજ વકીલના સમૂહમાંથી વકીલનો સંપર્ક કરવાની માંગ કરી શકો છો.

— જો આપ ચોક્કસ કાનૂની શરતોનું પાલન કરો તો આ કાનૂની સહાય સંપૂર્ણપણે અથવા આંશિક રીતે મફત છે. જેમાં કાનૂની સહાય માટેની શરતો દર્શાવવામાં આવી હોય તે ફોર્મ આપ માંગી શકો છો.

B. અગાઉથી ખાનગી સલાહમસલત

— આગામી ઈન્ટરવ્યુ પહેલાં અને બાર એસોસિએશનના ફરજ વકીલના સમૂહમાંથી વકીલ સાથે આપે વાત કરી હોય તે પછી 2 કલાકની અંદર આપ આપના વકીલ સાથે ત્રીસ મિનીટ માટે ખાનગી સલાહમસલત કરવા માટેનો અધિકાર ધરાવો છો, જે અપવાદરૂપે ઈન્ટરવ્યુ લેનારના નિર્ણય દ્વારા લંબાવી શકાય છે.

— આ સલાહમસલત ટેલિફોન દ્વારા અથવા ઈન્ટરવ્યુના સ્થળ પર બન્ને રીતે થઈ શકે છે.

C. ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાય

— ઈન્ટરવ્યુ સમયે આપના વકીલ મારફતે સહાયતા મેળવવાનો આપનો અધિકાર છે. તમારા વકીલની ઉપસ્થિતિ વગર પૂછપરછ શરૂ કરી શકાય નહીં.

— આપના વકીલ સુનિશ્ચિત કરશે;

- કે આપનો મૌન રહેવાનો અધિકાર અને પોતાને આરોપી નહિ ઠેરવવાના આપના અધિકારને જાળવવામાં આવે;
- ઈન્ટરવ્યુ દરમિયાન આપની સાથે જે રીતે વર્તન કરવામાં આવે છે, તમને અનુચિત દબાણ હેઠળ મૂકવામાં આવે છે કે નહિ;
- એ હકીકત કે આપને આપના અધિકારો સમજાવવામાં આવ્યા હોય અને ઈન્ટરવ્યુની નિયમિતતા જાળવવામાં આવે.

જો આપના વકીલને આમાંની કોઈપણ બાબતો અંગે ટીકા-ટિપ્પણીઓ હોય તો તેઓ પોલીસ ઈન્ટરવ્યુ નિવેદનમાં તેની તાત્કાલિક નોંધ કરાવી શકે છે. આપના વકીલ માંગ કરી શકે કે ચોક્કસ પૂછપરછ કરવામાં આવે અથવા ચોક્કસ વ્યક્તિ દ્વારા ઈન્ટરવ્યુ કરવામાં આવે. પૂછવામાં આવતા પ્રશ્નો અંગે તેઓ ખુલાસો માંગી શકે છે. તેઓ તપાસ અંગે અને ઈન્ટરવ્યુ અંગે ટિપ્પણીઓ આગળ ધરી શકે છે. તેમને આપની જગ્યાએ જવાબ આપવાની અથવા ઈન્ટરવ્યુ અવરોધવાની પરવાનગી નથી.

— આપને અથવા આપના વકીલને વધારાની ખાનગી સલાહમસલત માટે માત્ર એક પ્રસંગે ઈન્ટરવ્યુ અટકાવવાનો અધિકાર છે.
જો ઈન્ટરવ્યુ દરમિયાન નવા પાસા અથવા અપરાધો પ્રકાશમાં આવે તો આપને વકીલ સાથે વધારાની ખાનગી સલાહમસલત કરવાની પરવાનગી પણ છે. આ સલાહમસલત 15 મિનીટથી વધુ ચાલી શકશે નહીં.

# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

જો આપની **અટકાયત** કરવામાં આવી હોય અને શકમંદ તરીકે પ્રશ્નો પૂછાવાના હોય.



D. અધિકાર જતો કરવો

આપ વકીલની સાથે સલાહમસલતની અથવા સહાય માટેની વિનંતી કરવા માટે બંધાયેલા નથી..

આપ સ્વેચ્છાએ અને યોગ્ય વિચારણા બાદ આ અધિકાર જતો કરી શકો છો, જો આપ;

— કાનૂની વય ધરાવતા હોવ;

— આ અંગેના દસ્તાવેજમાં આપે સહી કરી અને તારીખ નાંખી હોય તે પછી.

— જો શક્ય હોય તો ઈન્ટરવ્યુનું ફિલ્માંકન કરવામાં આવી શકે છે. આપ આપના વકીલ સાથે આ અંગે ચર્ચા કરી શકો છો.

આ મુદ્દાઓ પર, તમે ફરજ પર હોનારા વકીલોના બાર સંગઠનના પુલના કોઈક સાથે ટેલિફોન પર વાત કરી શકો છો.

E. અપવાદ

અપવાદરૂપ સંજોગોમાં અથવા અનિવાર્ય કારણોસર સરકારી વકીલ અથવા તપાસકર્તા મેજિસ્ટ્રેટ આપને અગાઉથી ખાનગી સલાહમસલત અથવા ઈન્ટરવ્યુ દરમિયાન વકીલ તરફથી મદદની મંજૂરી નહિ આપવાનો નિર્ણય લઈ શકે છે. આ નિર્ણય માટે તેમણે કારણો આપવા જરૂરી છે.

## 2. અપરાધોનો સારાંશ જણાવવો

– જે અપરાધો પર આપનો ઈન્ટરવ્યુ લેવામાં આવી રહ્યો હોય તે વિશે આપને જાણ હોવાનો અધિકાર છે.

## 3. મૌન રહેવાનો અધિકાર

– કોઈપણ સમયે પોતાને આરોપી ઠેરવવાનું આપને દબાણ કરી શકાતું નથી.

– આપની ઓળખ જણાવ્યા બાદ આપ નિવેદન આપવાનું, પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ

આપવાનું અથવા મૌન રહેવાનું પસંદ કરી શકો છો.

## 4. આપની ધરપકડ કરવામાં આવી છે તેવું કોઈને જણાવવાનો અધિકાર

આપની ધરપકડ અંગે ત્રીજા પક્ષને સૂચિત કરવાનો આપને અધિકાર છે.

જોકે, તપાસના હિતમાં અનિવાર્ય કારણોસર જરૂરી સમયગાળા માટે સરકારી વકીલ કે તપાસકર્તા મેજિસ્ટ્રેટ દ્વારા તેને મોકૂફ રાખવામાં આવી શકે છે.

## 5. તબીબી સહાય

— જરૂર પડે તો આપની પાસે મફત તબીબી સહાયનો અધિકાર છે.

— આપ આપની પસંદગીના ડૉક્ટર દ્વારા તપાસ કરાવવાની માંગ કરી શકો છો. જો આમ કરવામાં આવે તો તે આપને ખર્ચે રહેશે.

## 6. દુભાષિયાની સહાયતા અને અનુવાદનો અધિકાર

- જો તમે ભાષા સમજી શકતા ન હોય અથવા બોલી શકતા ન હોય, અથવા જો તમે સાંભળવા અથવા બોલવામાં કોઈ મુશ્કેલી અનુભવો છો તો તમે નીચે દર્શાવેલ પૈકી એક માન્યતા પ્રાપ્ત દુભાષિયાનો હક ધરાવો છો.
    - તમારા વકીલ સાથે ગોપનિય સલાહ-મસલત (જો તમારા વકીલ તમારી ભાષા સમજે નહીં અથવા બોલી શકતા ન હોય તો).
    - વિના મૂલ્યે તપાસ દરમિયાન કોઈ ચાર્જ વગર મદદ મળે છે.
- જો તમે પ્રક્રિયા માટેની ભાષાને સમજવા માટે સક્ષમ નથી તો તમે ધરપકડના વોરન્ટની સંબંધિત બાબતનું અનુવાદ કરવાનો અધિકાર ધરાવો છો. તમે આ સમન્સ તથા કોર્ટના ચુકેદાને તમે સમજી શકો તે ભાષામાં અનુવાદ કરવાનો અધિકાર ધરાવો છો. આ અનુવાદ મફત છે.
- તમારી પોતાની ભાષામાં તમારું નિવેદન લખવા માટે તમે કહી શકો છો.

## ઈન્ટરવ્યુ દરમિયાન આપના ક્યા વધારાના અધિકારો છે?

### 7. ઈન્ટરવ્યુ દરમિયાન અન્ય અધિકારો

ઈન્ટરવ્યુ ઘણી બધી વાતચીતોથી શરૂ થાય છે. અપરાધોના સારાંશની વાતચીતના અને આપના મૌન રહેવાના અધિકારના પુનરાવર્તન બાદ વધુમાં તમને જણાવવામાં આવશે કે

— પૂછવામાં આવેલ તમામ પ્રશ્નો અને આપના દ્વારા આપવામાં આવેલ તમામ જવાબોની આપે ઉપયોગ કરેલ શબ્દોમાં નોંધ કરવાની આપ વિનંતી કરી શકો છો;

— આપ માંગ કરી શકો કે ચોક્કસ પૂછપરછ કરવામાં આવે અથવા ચોક્કસ વ્યક્તિ દ્વારા ઈન્ટરવ્યુ કરવામાં આવે;

— આપે કરેલ નિવેદનો કાયદાની અદાલત સમક્ષ પૂરાવામાં ઉપયોગ કરવામાં આવી શકે છે. તેને પરિણામે ઈન્ટરવ્યુમાં વિલંબ ન થતો હોય ત્યાં સુધી ઈન્ટરવ્યુ દરમિયાન આપ આપના કબજામાં રહેલા દસ્તાવેજોનો ઉપયોગ કરી શકો છો. ઈન્ટરવ્યુ દરમિયાન અથવા પછી આ દસ્તાવેજોને પોલીસ ઈન્ટરવ્યુ નિવેદનમાં ઉમેરવા માટે અથવા કોર્ટ નોંધણીકચેરીમાં જમા કરાવવાની આપ માંગ કરી શકો છો.

### 8. ઈન્ટરવ્યુનું ફિલ્માંકન કરવું

— જો શક્ય હોય તો ઈન્ટરવ્યુની કાર્યવાહીની દેખરેખ માટે ઈન્ટરવ્યુનું ફિલ્માંકન કરવામાં આવી શકે છે.

— આ અંગેનો નિર્ણય ઈન્ટરવ્યુ લેનાર, સરકારી વકીલ અથવા અથવા તપાસકર્તા મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવે છે.

### 9. ઈન્ટરવ્યુને અંતે

ઈન્ટરવ્યુને અંતે ઈન્ટરવ્યુનું લખાણ આપને વાંચવા માટે આપવામાં આવશે. તે આપને વાંચી સંભળાવવામાં આવે તેવી માંગ પણ આપ કરી શકો છો. આપ આપના નિવેદનમાં કોઈ ફેરફાર અથવા ઉમેરો કરવા માંગો છો કે કેમ તે અંગે આપને પૂછવામાં આવશે.

# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

જો આપની **અટકાયત** કરવામાં આવી હોય અને શકમંદ તરીકે પ્રશ્નો પૂછાવાના હોય.



## આપને કેટલા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવી શકે છે?

**1.** 48 કલાક

આપને 48 કલાકથી વધુ નહિ જેટલા સમયગાળા માટે અટકાયતમાં રાખવામાં આવી શકે છે.

**2.** તપાસકર્તા મેજિસ્ટ્રેટ

– 48 કલાકની અંદર આપને છોડી મૂકવામાં આવશે અથવા તપાસકર્તા મેજિસ્ટ્રેટની સમક્ષ લાવવામાં આવશે. બે પૈકીના બીજા નિર્ણય લેશે કે કસ્ટડીમાં રહેવું કે નહિ અથવા ધરપકડ વોરંટ જારી કરવું કે નહીં.

– આ બાબત અંગે પહેલા આપને સાંભળવા માટે તપાસકર્તા મેજિસ્ટ્રેટ બંધાયેલા છે. આ ઈન્ટરવ્યુ દરમિયાન પણ આપને આપના વકીલ તરફથી મદદ મેળવવાનો અધિકાર છે. તપાસકર્તા મેજિસ્ટ્રેટ આપની ધરપકડ માટે વોરંટ જારી થઈ શકે છે તે હકીકત વિશે આપની અથવા આપના વકીલ દ્વારા આગળ ધરવામાં આવેલી ટીપ્પણીઓ સાંભળશે.

જો આપ કાનૂની વયના હોવ તો જ માત્ર આપ વકીલ તરફથી મદદ લેવાનો હક જતો કરી શકો છો.

– જો તપાસકર્તા મેજિસ્ટ્રેટ આપની ધરપકડ માટે વોરંટ જારી કરે તો આપની પાસે નીચેના અધિકારો છે:
  - ○ આપને આપના વકીલ સાથે મર્યાદા વગર વાત કરવાનો અધિકાર છે.
  - ○ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યા બાદ પાંચ દિવસની અંદર આપ કમિટલ ચેમ્બર સમક્ષ ઉપસ્થિત થશો જ્યાં આપ આપની ધરપકડને અને આપને રિમાંડ પર રાખવામાં આવ્યા છે તે હકીકતને પડકારી શકો છો.
  - ○ કમિટલ ચેમ્બર અથવા ઈન્ડાઈટમેન્ટ ચેમ્બરની સુનાવણીના આગલા દિવસે આપને આપની કેસ ફાઈલ જોવા માટેની પરવાનગી આપવામાં આવશે.
  - ○ જે ભાષામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોય તે ભાષા આપ ન સમજતા હોવ તો આપ ધરપકડ વોરંટના સંબંધિત ફકરાઓના (લેખિત) અનુવાદ માટે તમે અધિકાર ધરાવો છો સિવાય કે આપને  ધરપકડ વોરંટનો મૌખિક અનુવાદ આપવામાં આવ્યો હોય જે તમે બોલી શકતા ન હોય અથવા સમજી શકતા ન હોય. આ અનુવાદ મફત છે.
  - ○ તે કાર્યવાહીની આગળના ઘટનાક્રમની દિશા અંગે વધારે વિગતવાર સમજૂતી આપના વકીલ આપી શકે છે.
  - ○ જો આપ બેલ્જિયન નાગરિક ન હોવ તો આપના વાણિજ્યદૂત અધિકારીઓને આપ આપની ધરપકડ અંગે સૂચિત કરી શકો છો.

**આપના અધિકારોની આ સ્પષ્ટતા આપ આપની પાસે રાખી શકો છો.**